અથર્વવેદી મહાપૂજાના મંત્રોની સમજ

॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય નમો નમઃ ॥

ૐ

: પ્રકાશક :

સતપંથ સેવા પ્રકાશન સમિતિ

શ્રી પ્રેરણાપીઠ, પીરાણા, જી. અમદાવાદ.

Real Patidar Library

About Real Patidar books

અથર્વવેદી મહાપૂજાના મંત્રોની સમજ

॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય નમો નમઃ ॥

ૐ

: પ્રકાશક :

સતપંથ સેવા પ્રકાશન સમિતિ

શ્રી પ્રેરણાપીઠ, પીરાણા, જી. અમદાવાદ.

પ્રકાશક :

શ્રી સતપંથ સેવા પ્રકાશન સમિતિ
શ્રી પ્રેરણા પીઠ-પીરાણા.
તા. દસક્રોઈ જી. અમદાવાદ-૩૮૨૪૨૫

પ્રથમ આવૃત્તિ :

સંવત ૨૦૫૪ના અષાઢ સુદ-૧૫ (ગુરૂ પૂર્ણિ
તા. ૯-૭-૯૮

સર્વ હક્ક પ્રકાશક ને સ્વાધિન :


મુદ્રક :

નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ,
જુની નોવેલ્ટી સિનેમા પાસે,
ઘીકાંટા-અમદાવાદ-૧.
ફોન : ૫૫૦૮૬૩૧-૫૫૦૬૮૪૭

श्री गणेशाय नमः




वक्रतुंडे [illegible]काय सुर्य कोटि समप्रभः ।
निर्विघ्ने [illegible]मेदेव सर्वकार्येषु सर्वदा ॥



सद्‌गुरु श्री इमामशाह महाराज

गुरु ब्रह्मा गुरुविष्णु, गुरुदेवो महेश्वरा ।
गुरु साक्षात परिब्रह्म, तस्मये श्री गुरुदेव नमः ॥
ध्यान मूलम गुरुमूर्ति, पूजा मूलम गुरु पदम् ।
मंत्र मूलम गुरु वाक्य, मोक्ष मूलम गुरु कृपाय ॥

realpatidar.com



प.पू. विरवर आचार्य
श्री करसनदासजी महाराज
प्रेरणापीठ - पीराणा



यदा यदा हि धर्मस्य, ग्लानिर्भवति भारत:
अभ्युत्थानम् धर्मस्य तदात्मानम् सृजाम्यहम ।
परित्राणाय साधुनाम, विनाशाय च दुष्कृतम्
धर्म संस्थापनार्थाय, संभवामि युगे युगे ॥

પ્રસ્તાવના :

વહાલા ધર્મપ્રેમી ભક્તજનો,

ઘણા સમયથી સતપંથ સંપ્રદાયમાં વડીલો, યુવાનો, માતાઓની બુલંદ માગણી હતી કે સતપંથ વારીયજ્ઞમાં જે મંત્રોચ્ચાર તથા ક્રીયા થાય છે તેની વિગતે સમજ આપી રહસ્યની સમજ પાડવી. આ અંગે પૂ.પૂ. વિરવર આચાર્યશ્રી કરસનદાસજી મહારાજે આ દિશામાં અધ્યન-ચિંતન કરી પૂ. નાનકદાસજી મહારાજ અને પૂ. પ્રેમદાસજી બાપુને ઊંડાણ પૂર્વક માર્ગદર્શન આપી આદેશ કર્યો કે આપ આ અંગે સમગ્ર સતપંથ સમાજમાં ફરી મંત્રોચ્ચારનું રહસ્ય તથા ક્રિયાની જાણ કરો. જેનો મુખ્ય હેતું (૧) સતપંથ સંપ્રદાય સંગઠીત બને (૨) સતપંથ સંપ્રદાયમાં વારીયજ્ઞ પુજા વિધિ જુદી જુદી રીતથી

થાય છે. તેમજ મુખીશ્રીઓ પણ સંપ્રદાય વિષે ભિન્ન ભિન્ન વિચારશ્રેણી ધરાવે છે. તેમાં એક રૂપતા જળવાય (૩) નવ યુવાનોને મુખીશ્રી તરીકે અથવા વારીયજ્ઞમાં ઉપસ્થિત રહેવાની ઉમંગ જાગે, (૪) સતપંથ સંપ્રદાય વિષે દરેક ભક્તજનોને અંતઃકરણથી ભાવના જાગૃત થાય. જેથી ઉપરોક્ત બન્ને મહાનુભાવો તા. ૨૨-૫-૯૬ થી ૨૯-૫-૯૬ સુધી ગુજરાતના જુદા જુદા ૧૪ ગૃપોમાં અંદાજે ૧૭૫ ગામડાના મુખીઓ, યુવાનો, માતાઓને સવિસ્તૃત સમજ આપી જે પ્રસંશનીય આવકારદાયક છે. મને અંતઃકરણપૂર્વક શ્રદ્ધા છે કે આ નાનકડી પુસ્તિકા દરેકને વિરાટ સ્વરૂપે ઉપયોગી થઈ પડશે.!!

અસ્તુ....

સતપંથ સેવા પ્રકાશન સમિતિ
પ્રેરણાપીઠ-પીરાણા

કરદર્શનમ્

कराग्रे वसते लक्ष्मी: करमूले सरस्वती ।
करामध्ये तु गोविंद: प्रभाते करदर्शनम् ॥

હાથના આગળના ભાગમાં લક્ષ્મી, મૂળ ભાગમાં સરસ્વતી અને વચલા ભાગમાં ગોવિંદ વસે છે, માટે સવારે હાથનું દર્શન કરવું.

પૃથ્વીને વંદન

समुद्रवसने देवि । पर्वतस्तन मण्डले ।
विष्णुपत्नि । नमस्तुभ्यं पादस्पर्श क्षमस्व मे ॥

સમુદ્રરૂપી કપડાંવાળી, પર્વતરૂપી સ્તનવાળી અને વિષ્ણુ ભગવાનની પત્નીરૂપે હે પૃથ્વી દેવી! તમને નમસ્કાર કરું છું. મારા પગનો સ્પર્શ થાય છે તેને માટે મને ક્ષમા કરો.

ગુરુવંદના (પ્રાર્થના)

૧. ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ, ગુરુ દેવો મહેશ્વરા...

ગુરુ સાક્ષાત પરબ્રહ્મ તસ્મેય શ્રી ગુરુદેવ નમઃ

૨. ધ્યાન મૂલમ ગુરુમૂર્તિ, પૂજા મુલમ્ ગુરુ પદમ્
મંત્ર મૂલમ્ ગુરુવાક્ય મોક્ષ મૂલમ ગુરૂકૃપાય

૩. યદા યદા હી ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।
અભ્યસ્થાનમ્ ધર્મસ્ય તદાત્માનમ્ સૃજામ્યહમ્ ।
પરિત્રાણાય સાધુનામ્ વિનાશાય ચ દુષ્કૃતમ્ ॥
ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે ।

૪. પદવંદન કરું ગુરુદેવનું જે સકળ ગુણ ચતુર સુજાણ
પુરણ બ્રહ્મ દ્રષ્ટે કરી અચળ પુરુષ પુરાણ-
પુજન કરું ગુરુ પદનું જેથી ચૌદે લોક પુજાય
શેષ બ્રહ્મા શક્તિ મળી. ગુણ ગુરુજીના ગાય
કૃપા હોય જો ગુરુદેવની તો ટળે ચોર્યાશીના તાપ
જન્મ મરણની આપદા છૂટે આપો આપ

શ્રી વિષ્ણુ સ્તુતિ

शान्ताकारं भुजंगशयनं. पद्मनाभं सुरेशम्

विश्वाधारं गगनशदर्शं मेघवर्णं सुभांगम्
लक्ष्मीकान्तम् कमलनयनं योगिभिर्ध्यानगम्यम् ।
वंदे विष्णु भवभयहरं सर्व लोकेक नाथम् ।

નારાયણને સ્તુતિ

नारायणं निराकारं नरवीरं नरोत्तमम् ।
नृसिहं नागनाथं च तं वंदे नरकांतकम् ॥

નિરાકાર, શૂરવીર, નરોત્તમ, નૃસિંહ ભગવાન, કાલીયનાગને નાથનાર અને નરકનો અંત લાવનાર એવા નારાયણ પ્રભુને હું નમું છું.

અથર્વવેદી વારીયજ્ઞ મહાપુજાના મંત્રોની સમજ

પ્રથમ પાંચે દેવોનું આહવાન મંદિરની પ્રાણપ્રતિષ્ઠા વખતે કરેલ તે પાંચે દેવોનું પુજન સવાર સાંજ દરરોજ થાય છે. વારીયજ્ઞની ક્રીયાની સમજ જે તે મંત્રોમાંથી જ મળશે.

realpatidar.com

- પ્રથમ ભગવાનશ્રી નિષ્કલંકી નારાયણનું આસન (સિંહાસન) એટલે ભગવાનશ્રી નિષ્કલંકી નારાયણ અવતાર ધારણ કરશે ત્યારે આ આસન ઉપર બિરાજમાન થશે. અને સતપંથી સેવકો, ભાવિ ભક્તોની મનોકામના પૂર્ણ કરશે આસનની મુખીશ્રી ધૂપ તથા આરતીથી પૂજા કરે છે. આગળના થંઈ ગયેલા નવે અવતારો ને વંદન કરું છું અને આવનારા દસમા અવતારનું પૂજન કરું છું.
- શ્રી નિષ્કલંકી નારાયણના આસનની બાજુમાં મોટી જ્યોત પ્રગટાવવામાં આવે છે. તે જ્યોત શક્તિ માતાની છે.
- નાની જ્યોતમાં એક જ કોડીયામાં ત્રણ જ્યોતો પ્રગટાવવામાં આવે છે. તે ત્રણે જ્યોતોમાં બ્રહ્મા-વિષ્ણુ અને મહેશ્વરનું આહવાન કરવામાં આવે છે.

- શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનના આસનની બાજુમાં ગાદી પધરાવવામાં આવે છે. આ બ્રહ્મ ગાદી છે. મુખીશ્રી સર્વોપરી ઉપસ્થિત ગતગંગાના આદેશથી બ્રહ્મગાદી ઉપર બિરાજમાન થાય છે.
- મુખીશ્રી જે ફરમાનજી કહે છે તેના બદલે "આદેશ" કહેવું અને ગતગંગા જે પીરસાહ કરે છે તેના બદલે 'હરીૐ' કહેવું.
- શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનના સિંહાસન ઉપર કોઈ પુસ્તક, અગરબત્તીનાં બોક્ષ અથવા બીજી કોઈ વસ્તુ મુકવી નહીં, ફુલ મૂકવાં.
- આરતી બોલતી વખતે ગોરબ્રહ્માજીની જ આરતી બોલવી
- સંકળસંઘના વિર્સજન વખતે મુખીશ્રીએ હાથથી મિલન કરવું નહી ફક્ત નત્મસ્તકે સૌને નમન કરવાં.

- સંત-મંહત કે સાધુઓને મળતાં હાથ મિલાવવા નહીં ફક્ત તેમના આસનને (ગાદી) ને નમન કરવું.
- સતપંથી માટે 'આચાર સંહિતા' (૩) અવસાન ઉત્તર ક્રિયા (૧) નવમા દિવસ ને બદલે સાતમા દિવસે મુંડન સુતક ઉતરાવવું.

૨. અગિયારમાં દિવસના બદલે આઠમા દિવસે ઘટપાટની પુજાવિધિ દરમિયાન (જીવ) આત્માની સદ્‌ગતિની સઘળી ક્રિયાઓ તે વિધિના ધાર્મિક આદેશ મુજબ કરવી.

શ્રાદ્ધની તિથિ :

૧. આઠમ - સદ્‌ગતિ પામેલ પુરુષો માટે
૨. નોમ સદ્‌ગતિ પામેલ સ્ત્રીઓ માટે
૩. દસમ - પ્રથમગાદી પતિ શાણાકાકા માટે

નોંધ : સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજ પાસે

શાણા કાકાએ વચન માગેલ કે ભાવિકજનો મારી પૂણ્ય તિથિ નિમિત્તે ગરીબો, બાળકો તેમજ કુટુંબ પરીવારોને જમાડી શ્રાદ્ધ ઉજવે.

મંત્ર પહેલા - મુખીની ક્રિયાનો મંત્રઃ

મુખીશ્રીમાં છુપાઈ રહેલી શક્તિનું વર્ણન આ મંત્રમાં છે. શ્રી ઈમામશાહ મહારાજે સતપંથ સંપ્રદાયનું બંધારણ ૧૦૫ નિયમોનું બનાવેલું છે. જેટલા નિયમો મુખીશ્રી વધારે પાળશે તેટલી તેનામાં જનકલ્યાણની શક્તિ વધારે આવશે.

મુખી તે જે મોક્ષ આપે, મોક્ષ મુક્તિનો માર્ગ બતાવે, મુખી તે જે કોઈના ઘરે જાય તો તે જીવના દુઃખ દૂર કરાવે, મુખી તે જે અસત્યના માર્ગે ન જાય. મુખી તે જે લક્ષ ચોર્યાસીના ફેળા મિટાવે. મુખી તે જે મૃતક ને જીવતા કરે, અને શ્રદ્ધાવાનોનાં કારજ સરે, મુખી પાસે જે જીવ આવે તેની કમાણીમાં વૃદ્ધિ કરાવે, મુખી તેજે નિર્મળ હોવે સારે જીવકુ વૈકુંઠમાં લાવે.

મંત્રી બીજો : દેવ સ્થાપના મંડાણ :

દેવ સ્થાપના મંડાણનો મંત્ર છે. પુજાયજ્ઞવિધિ મુખીશ્રીએ કેમ કરવી ? તેનો ટુંકમાં સાર બતાવેલો છે. 'ત્રણ દરવાજા બંધ જો કરે. જ્યાં થકી પવન ન સંચરે' ત્રણ દરવાજા એટલે એક મોં, નાક તથા મળ ધ્વારથી અશુદ્ધ શ્વાસોઉચ્છવાસ વાયુ તથા મંત્રોચ્ચારથી નિકળતા અશુદ્ધ પ્રવાહી પદાર્થો કળશ પર બિરાજમાન દેવો ઉપર ન પડે અને પવિત્રતા જળવાય.!!

મંત્રી ત્રીજો મુખીને ક્ષમા માગવાનો મંત્ર

- યજ્ઞસ્થળે ઉપસ્થિત થતા પહેલાં મુખીશ્રીએ નાહી ધોઈ પવિત્ર થઈ પાંચે વસ્ત્રો ધારણ કરવાં.
- વારીયજ્ઞનાં વાસણ અગાઉથી ધોઈ સ્વચ્છ કરી સેવકે રૂમાલ ઢાંકી તૈયાર રાખવાં જેથી ગતગંગામાં પાણી ફેરવવાની આવશ્યક્તા નથી.
- વારીયજ્ઞમાં મુખ્ય ભાગ લેનાર મુખીશ્રી, સેવક અને પંડીત આ ત્રણે જણાએ હાથ, પગ,

મોં વિ. ધોઈ સ્વચ્છ થઈ યજ્ઞનો પ્રારંભ કરવો.

મુખી નમ્રભાવે ગતગંગાનો આદેશ લઈ ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ આગળ બે હાથ જોડી નત્‌મસ્તકે ઊભા રહી ક્ષમા યાચે છે. કે હુ તો આ યજ્ઞ માટે લાયક નથી. પણ આ ઉપસ્થિત ગતગંગાના આદેશથી આ યજ્ઞનું કાર્ય કરવા જઈ રહ્યો છું. તો હે પ્રભુ !! તમો મારી સાથે રહી આ યજ્ઞ સફળ બનાવશો.

મંત્ર ચોથો : મુખીના આસન આગળ ઊભા રહી સ્તુતિ કરવાનો છે.

મુખીશ્રી બ્રહ્મગાદી સન્મુખ ઊભા રહી ભગવાનશ્રી નિષ્કલંકી નારાયણને નાનમથી નમ્રભાવે વળી પાછા પ્રાર્થના કરે છે કે તમો ૐ (ઓમકાર) સ્વરૂપે જગતમાં સચરાચર છો. અને આ સર્વ સૃષ્ટિના સર્જનહાર આપજ છો આ અગાઉ નવે નવ અવતારોમાં સાકાર સ્વરૂપે લીલા તમે જ કરી છે.

અણું એ અણુમાં તમારો વાસ છે. તમારા આસન સિંહાસને આવી બિરાજમાન થાઓ.

મંત્ર પાંચમો : મુખીને પ્રથમ જમણો પગ આસન ઉપર મુકી, ઊભા રહી પ્રાર્થના કરવાનો છે.

મુખીશ્રી વિવેકથી પોતાનો જમણો પગ બ્રહ્મગાદી ઉપર મુકી ઉપસ્થિત ગતગંગાનો આદેશ માગી બંન્ને હાથ જોડી સ્તુતિ કરે છે... કે હે પ્રભુ!! મારા આ શુભ યજ્ઞ કાર્યમાં આપ સાથે રહો...

નોંધ : મંત્રોને આધિન દેવતા છે. આધશક્તિ, આધનારાયણ વિષ્ણું બ્રહ્મા, અને મહેશ્વર આ પાંચે દેવોનું કળશમાં ક્રમવાર આહવાન થશે.

મંત્ર છઠ્ઠો : પાટ માંડવાનો - ઘટના આસનનો

મુખીશ્રીએ રૂમાલ લઈ ને મોં તથા નાક બંધ કરવાં. મુખીશ્રીએ માટીનો 'ૐ' વાળો પાટ હાથમાં લઈ ધૂપ આપી પવિત્ર કરી ને પાટની સ્થાપના કરવી. "ૐ કારમાં આપો આપ' 'ૐ' કારમાં પાંચે

દેવો સમાયેલા છે. આ પાટ રૂપે આધશક્તિનું પ્રથમ આહવાન થાય છે.

ગતગંગા અને મુખીએ એવો ભાવ રાખવો કે સાક્ષાત અત્રે આધશક્તિનું આહવાન થયું છે. (આ ટાઈલ્સ કે ઈંટનો ટુકડો નથી)

મંત્ર સાતમો : પાટ માંડી ને પગે લાગવાનો મંત્ર :

આ યજ્ઞમાં દેવોનું આહવાન થાય એટલે મુખીશ્રી તથા ઉપસ્થિત ગંતગંગાએ વિવેકથી નમન કરવું. નમન નત્ મસ્તકે કરી શકાય, અથવા દંડવત પણ કરી શકાય આ અંગે કોઈ ચર્ચા કરવી નહી.

મંત્ર આઠમો : પાટ ઉપર અક્ષત મૂકવાનો મંત્ર

આ મંત્રમાં 'મુખી સ્થાપ્યા સવા લાખ' તેવો ઉલ્લેખ છે. શ્રી ઈમામશાહ મહારાજ ચોવીસે મુલકમાં ફરી સતપંથ સંપ્રદાયનો પ્રચાર કરી સવાલાખ મુખીની સ્થાપના કરેલ. જે મુળબંધમાં લખેલ છે.

અક્ષત એટલે જેનો ક્ષય નથી તે જુવાર ના સફેદ દાણા શ્રી ઈમામશાહ મહારાજે પસંદ કર્યા. (અહીં ચોખા મુકવા નહી)

મુખીશ્રી જુવાર ના દાણા (અક્ષત) પાટ ઉપર મુકી કુંડાળુ કરે છે. જેનો અર્થ થાય છે કે પૃથ્વી ગોળ છે. તેમાં વચ્ચેનો ભાગ કુંવારીકા ભુમિનું સ્થળ બતાવે છે. જેનું મોક્ષ મુગટની ગાયત્રીમાં સરનામું બતાવેલ છે. પ્રેરણાપીઠ - પીરાણા જે કુંવારીકા ભુમિ છે. તેજ ભુમિનાં મુખીશ્રી અહી સૌને દર્શન કરાવે છે.

મંત્ર નવમો : પાટને ચારે દિશાએ પૈસા મુકવાનો મંત્ર

ઉપરોક્ત મંત્રમાં પૈસાની સમજ વર્તમાન યુગનું નાણું જ જેવુ કે ૫૦ પૈસા ૨૫ પૈસા વિ. ઉપયોગમાં લઈ શકાય.

મંત્ર દસમો : પાટે પૈસા મુકી પગે લાગવાનો મંત્ર

ચારે યુગના ચાર મુખ્ય હરીના અવતારો મોટી ગાયત્રીમાં વિગતવાર બતાવ્યા છે. (૧) કર્તાયુગમાં

ઉત્તર દિશાએ ભગવાન શ્રી નરસિંહનું જન્મસ્થળ કાશ્મિર છે. જેનો ઉત્તરદીશામાં પ્રથમ પૈસો મુકે છે.

(૨) તેત્રાયુગમાં પૂર્વ દિશામાં ભગવાનશ્રી રામનું જન્મ સ્થળ અયોધ્યા છે. જેનો પૂર્વ દિશામાં બીજો પૈસો મુકે છે.

(૩) દ્વાપર યુગમાં દક્ષિણ દિશામાં ભગવાનશ્રી કૃષ્ણનુ જન્મ સ્થળ મથુરા છે. તેનો દક્ષિણ દિશામાં ત્રીજો પૈસો મુકે છે.

(૪) અને આજે કળીયુગમાં ભગવાનશ્રી નિષ્કલંકી નારાયણ પશ્ચિમ દિશામાંથી પ્રગટ થશે જેનો પશ્ચિમ દિશામાં ચોથો પૈસો મુકે છે.

આ વેદરૂપી મુકેલ ચારે પૈસા ઋગવેદ, યર્જુવેદ, શ્યામવેદ અને અથર્વવેદ જે યજ્ઞના સ્તંભ છે તેના ઉપર યજ્ઞનો આરંભ થશે.

મંત્ર અગિયારમો : કળશને ધૂપ લોબાન સમયે બોલવાનો મંત્ર

ધૂપ, લોબાન, અગરબત્તી જ્યાં થતી હોય

તેવી જગ્યાએ દેવોનો વાસ હોય છે. અશુદ્ધ જીવાત્માઓ નાસી જાય છે.!

મંત્ર બારમો : દિવા જ્યોતને પ્રણામ કરવાનો મંત્ર

જ્યાં જ્યોતનું પ્રાગટ્ય થયું હોય તેવી જગ્યાએથી અજ્ઞાન રૂપી અંધકારનો નાસ થઈ જાય છે.

મંત્ર તેરમો : કળશમાં જળ ભરવાનો મંત્ર :

૧. "મત્સ્યે કરી સ્થાપ્યો ધર્મ", સતપંથ ધર્મની સ્થાપના કર્તાયુગના મત્સ્યા અવતારથી થયેલ છે. આદિકાળથી ચાલી આવે છે.

૨. "વિષ્ણુ-જળ કળશ છે કિરતાર સદ્‌ગોર શ્રી ઈમામશાહ મહારાજ અરજ કરે જાંબુદ્રિપે કુંવારીકા ક્ષેત્રે શ્રી નિષ્કલંકી નારાયણરૂપે કળશ માંહે કળા ધરો, ઘટ માંહે વાસ કરો."

૩. કળશમાં જળસ્વરૂપે વિષ્ણુ ભગવાનનું આહવાન થયું. અને કળશરૂપે આધ નારાયણનું આહવાન થયું. પ્રથમ પાટ રૂપે આધશક્તિનું

આહવાન થયું. બીજુ કળશ રૂપે આધનારાયણું આહવાન થયું ત્રીજુ જળરૂપે વિષ્ણું ભગવાનનું આહવાન થયું.!!

કળશમાં દૂધ ભરવું નહી, કોઈનો સંકલ્પ હોય કે કળશમાં દૂધ પુરાવીશું તો પ્રસાદ સ્વરૂપે બીજા પ્રસાદની જેમ દૂધ ધરાવવું. જેથી આપનો સંકલ્પ પૂરો થયો ગણાશે.

મંત્ર ચૌદમો : કળશ માંડીને પગે લાગવાનો મંત્ર

કળશમાં દેવોનું આહવાન થયું એટલે વિવેકથી મુખીશ્રી એ તથા ઉપસ્થિત ગતગંગાએ હાથ જોડી કળશને નમન કરવું.

મંત્ર પંદરમો : કળશ ઉપર અક્ષત મુકવાનો મંત્ર

"સદ્ગોર આધ બ્રહ્મા તમે અક્ષત રૂપે કળશમાં કળા ધરો ઘટમાં તમારો વાસ કરો." અક્ષત રૂપે આધબ્રહ્માનું આહવાન આ કળશમાં થયું. અહીં અક્ષત તાર્યાથી માંડી અક્ષત ઉતાર્યા સુધી મુખીશ્રી

તથા ઉપસ્થિત ગતગંગાએ આ અક્ષત બ્રહ્મ ઉપર ત્રાટક (આંખનો પલકારો માર્યા વગર) કરી રાખવું (૨૦ થી ૨૫ મિનિટ) જેની શક્તિ અવર્ણનીય છે. આ અક્ષત જુવારના સામાન્ય દાણા નથી પણ આધ બ્રહ્મા છે. તેવો ભાવ દરેકે હૃદયમાં રાખવો. (અહીં ચોખાનો ઉપયોગ કરવો નહીં.)

મંત્ર સોળમો : કળશ ઉપર અક્ષત તારી પગે લાગવાનો મંત્ર :

આ કળશમાં અક્ષતરૂપે આધ બ્રહ્માનું આહવાન થાય એટલે મુખીશ્રી તથા ઉપસ્થિત ગતગંગાએ વિવેકની નત્ મસ્તકે નમન કરવું. અથવા દંડવત પ્રણામ પણ કરી શકાય. દરેકે પોતાનું આસન ગ્રહણ કરી બેસી જવું.

મંત્ર સત્તરમો : ઘટપાટને ફુલહાર ચડાવવાનો મંત્ર

"નૂર સ્વરૂપે ફૂલવાસ માંહે પરવરો સ્વામી"

૧. મુખીશ્રી એ ફૂલની એક પાંખડી અથવા તો તુલસીપત્ર હાથમાં લઈ પ્રથમ કળશ ઉપર વચ્ચે તરતી મુકવી. ફુલની પાંખડી મુક્તી વખતે મનથી મુખીશ્રીએ તથા ગતગંગા એ સંકલ્પ કરી. મહેશ્વરનું આહવાન કરવું. અહીં કળશમાં પાંચે દેવોનું આહવાન થયું.

૨. મુખીશ્રીએ ચારે દિશાએ કળશ ઉપર ફુલની પાંખડી અથવા તુલસીપત્ર મુકી દેવોનું પૂજન કરવું. ઈટ સ્વરૂપે આધ શક્તિ ઉપર મુકી પૂજન કરવું. જ્યોતિ સ્વરૂપે આધશક્તિ બ્રહ્મા, વિષ્ણુ મહેશ્વર અને નિષ્કલંકી નારાયણ ભગવાનના સિંહાસનનું ફુલ મુકી પૂજન કરવું. તેમજ વેદને ફુલ-પાન મુકી પૂજન કરવું.

૩. જો ફુલહાર હોય તો કળશને એક ફુલહાર પહેરાવવો, જ્યોતિ સ્વરૂપે બ્રહ્મા, વિષ્ણુ મહેશ તથા આધશક્તિ અને શ્રી નિષ્કલંકી નારાયણના

સિંહાસનને ફુલાહરથી પૂજન કરવું.

૪. ફુલહાર હોય તો બ્રહ્મગાદી ઉપર બિરાજમાન મુખીશ્રીને ફુલહાર પહેરાવવો, પછી વેદને ફુલહાર પહેરાવવો, (સેવક તથા પંડીતને ફુલહાર પહેરાવવો નહી)

મંત્ર અઢારમો ઘટપાટને સુવા ચંદન અબીલ ચડાવવાનો મંત્ર

દશે દિશાના દેવોનું ચંદનથી પૂજન કરવું મુખીશ્રીએ ચંદનથી પ્રથમ કળશની ઉતરદિશાએ તિલક કરવું ત્યાર પછી કળશના મધ્યભાગમાં તિલક કરવું પછી આધશક્તિને તિલક કરવું. આ રીતે કળશની ચારે દીશાએ તિલક કરી પૂજન કરવું.

ચંદન કેમ બનાવવું : ચંદનના પાવડરમાં ગુલાબજળ સિવાય બીજા કોઈ પદાર્થો જેવા કે અત્તર, અબિલ, ગુલાલ વિ. ઉમેરવા નહી, કારણ કે આવા પદાર્થોમાં એસિડ, કેમિકલ જેવા અશુદ્ધ

પદાર્થો હોય છે. જે આરોગ્ય માટે હાની કર્તા છે.

મંત્ર ઓગણીસમો : ગોરનર હરિઅંશ વૃક્ષ ગાયત્રી મંત્ર :

બ્રહ્માજીએ સૃષ્ટિનું સર્જન કર્યું ત્યારે આ જગતમાં કંઈ જ નહતું. સંપૂર્ણ અંધકાર હતો. 'તોતેર યુગ તો વહી ગયા સ્વામીજીને અટકળ કરતાં."

મુખીશ્રીએ હાથમાં ગોળી લઈ કળશમાં ઓગાળતી વખતે સંકલ્પ કરવો કે 'હું ભગવાનશ્રી નિષ્કલંકી નારાયણ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તથા આધશક્તિ ના જમણા પગના અંગુઠાને ધોવું છું તથા પખાળું છું. આવા ભાવથી ચરણામૃત બનાવવું.

મંત્ર વિસમો : કળશને પ્રદક્ષિણા કરવાનો મંત્ર

મુખીએ કળશની પરીક્રમા કરતી વખતે નીચેનો મંત્ર બોલવો. 'ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણને પરિક્રમા કરી પૂજીયે ઘટને પાટ તો સોહેલી થાય અમરાપુરની વાટ"

મુખીશ્રીએ કળશને પરીક્રમા જમણા હાથે ઉત્તર દિશાથી શરૂ કરી ચારે દિશાએ ચાર વખત કરવી. ''પ્રદક્ષિણાનું મોટુદાન પુજીયે તો મેરૂ સમાન''

મંત્ર એકવિસમો : કળશને ઉત્તર દિશાએ ઉદક મુકવાનો મંત્ર.

મંત્ર બાવીસમો : કળશને પૂર્વ દિશાએ ઉદક મુકવાનો મંત્ર.

મંત્ર ત્રેવીસમો : કળશને દક્ષિણ દિશાએ ઉદક મુકવાનો મંત્ર.

મંત્ર ચોવીસમો : કળશને પશ્ચિમ દિશાએ ઉદક મુકવાનો મંત્ર.

મુખીશ્રીએ ઉપરના ચારે મંત્રોમાં ઉદક એટલે કળશનું જળ જે દિશાના દેવોનું કળશમાં આહવાન કરવાનું હોય તે દિશા પ્રવિત્ર કરવા માટે છાંટ નાખવી, વળતાં દેવોનું કળશમાં આહવાન કરવું આ બન્ને ક્રિયાઓ એક સાથે કરવી.

મંત્ર પચ્ચીસમો : દશે દિશાએ છાંટ નાખી પગે લાગવાનો મંત્ર

ચાર દિશાના દેવો, ચાર ખૂણાના દેવો, સાત આસમાનના દેવો, તથા સાતે પાતાળના દેવો આમ દશે દિશાઓમાં મુખીશ્રીએ છાંટ નાખી બધી દિશાઓને પવિત્ર કરી તેત્રીસ કરોડી દેવી-દેવતાઓનું કળશમાં આહવાન કરવું.

મંત્ર છવીસમો : સર્વદિવ ઋષિવરને નમસ્કારનો મંત્ર

"કરણ કલ્પના અનંત કરોડી દેવને નમસ્કાર"

મુખીશ્રી તથા ગતગંગાના મનથી વાણીથી અને શરીરથી અનંત કરોડી દેવોને નમસ્કાર કરે છે.

મંત્ર સત્તાવીસમો : શ્રી વિષ્ણુને થાળ જમાડવાનો મંત્ર (લાપશી)

મંત્ર અઠયાવીસમો : શ્રી બ્રહ્માજી થાળ જમાડવાનો મંત્ર (શીરો)

મંત્ર ઓગનત્રીસમો : શ્રી મહેશ્વરને થાળ જમાડવાનો

મંત્ર (ખીર-રોટલી)

મંત્ર ત્રીસમો : શ્રી શક્તિને થાળ જમાડવાનો મંત્ર (ચૂરમાનો)

મુખીશ્રી બે હાથ જોડી નમ્રભાવે દેવોને થાળ સર્મપણનો સંકલ્પ કરી ભોગ ધરાવે છે.

દેવો જ્યારે ભોગ લેતા હોય ત્યારે અવાજ-ઘોંઘાટ કરવો નહી.

નોંધ :

(૧) થાળમાં શાક મુકવું નહીં. પણ તેના બદલે તુલસીપત્ર અથવા ફુલની પાંખડી મુકવી.

(૨) દેવોને થાળ થાળી અથવા ત્રાંસમાં ધરાવવો. ગેલ્વેનાઈઝના પાત્રમાં થાળ ધરાવવો જે અસભ્ય છે.

(૩) થાળ ઉપર કપડું ઢાંકવું પણ થાળ ધરાવતી વખતે થાળનો થોડોક ભાગ ખુલ્લો રાખવો.

(૪) ફ્રુટ તથા અન્ય કોરો પ્રસાદ તૈયાર કરતી

વખતે મૌન પાળવું.

મંત્ર એકત્રીસમો : સર્વદેવ ઋષિવરને થાળ જમાડવાનો મંત્ર (દશાંશ પૈસા)

(૧) બાધા માનતા વાળા ભાવિકોએ મુખીશ્રી તથા ગતગંગા આગળ બે હાથ જોડી સંકલ્પ જાહેર કરવો. અને દાન ભેટ મુકવી.

(૨) ગંતગંગામાં ઉપસ્થિત થયેલા ભાવિકોએ દાન-ભેટ- પૈસા ધરાવવા હોય તે મુકવા. (થાળી ફેરવવી) - ત્યાર બાદ સૌ ગતગંગા તથા મુખીશ્રીએ આશીર્વાદ આપવા.

મંત્રી બત્રીસમો : થાળ અક્ષય પાત્રનો મંત્ર

"અન્નપૂર્ણા અન્નપૂરો, પાણીપૂરો ગણેશ, રિદ્ધિ સિદ્ધિ આપો માતા ભવાની, મહાદેવસ્વામી ભોજન પીરસે, માતા ભવાની ગયાં બ્રહ્માજીની પાસ, રિદ્ધિ સિદ્ધિ આપો તમારા દાસ, ભરો ભંડાર થાઓ સુખી, અન્નદેવ પૂર્ણ જાલંધર મુખી."

રિદ્ધિ-સિદ્ધિ બંન્ને ગણપતિનાં પત્નિ છે. માતા ભવાની તેનાં સાસુ છે. રિદ્ધિ સિદ્ધિને માતા ભવાની કહે છે કે થાળ પ્રસાદ - ભંડારો ખુટે નહી તેનુ ધ્યાન રાખજો.

જાલંધર એ નવનાથ પંથના હતા અને ગોપીચંદના ગુરુ હતા. તેને અન્નપૂર્ણના અધિપતિની પદવી મળી હતી.

(પ્રસંગોપાત અન્નકુટ તૈયાર કરે ત્યારે ગામના મુખીએ અગરબત્તી કરી ઉપરોક્ત મંત્ર બોલી આશીર્વાદ આપવા.)

મંત્ર ૩૩ થી ૩૮ સુધી : જીવને કર્મબંધન મુક્તિને અપરાધ ક્ષમાનો મંત્ર

જે ભાવિકજનોથી તન, મન, વાણીથી કોઈ જાણ્યો અજાણ્યો અપરાધ થઈ ગયો હોય તો તે અપરાધ માફ કરવા માટે સર્વોપરી મુખી-ગતગંગા આગળ બે હાથ જોડી ગુના જાહેર કરવા ગુના

જાહેર કરવાથી જ અપરાધનની માફી મળશે.

મંત્ર ૩૯ થી ૪૨ (જીવને ચારે ખાણીમાંથી સદ્‌ગતીનો મંત્ર)

આ મંત્રો જીવને ચારે ખાણી - (સ્વેદ, ઈંડજ, ઉદ્‌બીજ અને જરોજ)માંથી સદ્‌ગતીએ આપવાનો છે. (યજ્ઞવિધિ પ્રમાણે)

મંત્ર ૪૩ થી ૪૬ આ મંત્રો જીવને રવિમંડળમાં સદ્‌ગતિ તથા બાવન ઘાંટીમાંથી પાર ઉતારવાનો છે. (યજ્ઞવિધિ પ્રમાણે)

મંત્ર - ૪૭ થી ૫૦ આ મંત્રો ઉત્તરક્રિયા તથા ઉઠાસણા!ના છે.

મંત્ર - ૫૧ : નવજાત શિશુ તથા નવાધર્મી દિક્ષાર્થીને ગુરુદિક્ષા આપવાનો મંત્ર છે.

મંત્ર - ૫૨ : વર કન્યાને આશીર્વાદનો મંત્ર છે.

મંત્ર - ૫૩ : કળશ ઉપરથી અક્ષત ઉતારવાનો મંત્ર

કળશ ઉપર અક્ષત તાર્યા ત્યાંથી તે અક્ષત

ઉતારવા સુધી મુખીશ્રીએ 'અક્ષત બ્રહ્મ'' ઉપર ત્રાટક કરી રાખવું.

મંત્ર કહે છે કે (૧) 'આખે જીવ રાખે તો જીવતણો હોય ઉધ્ધાર, સૃષ્ટિના સર્જનહાર, જમડારૂઠ્યા કયા કરે, જીસકા બેલી કીરતાર, કર્તા માનો કળશને નમો, કળશને દીજે બહુમાન તેત્રીસ કરોડી દેવ આવીયા, ધરે આ સ્વામીનું ધ્યાન. આ છે અક્ષત બ્રહ્મ ઉપર ત્રાટકની શક્તિનું પ્રમાણ. (૨) અહીં કરણી કમાઈએ તો ત્યાં દર્શન નારાયણનાં થાય' એટલે કે જેવી કરણી અહી આ જન્મમાં કરશો તેવું જ ફળ અહીં આ જન્મમાંજ મળશે તેથી સત્કર્મો જ કરવાં. જેને ફળાંતર વેળા કહેવાય છે. મુખીશ્રીએ ગતગંગાને પુછ્યું કે 'છે કંઈ કામકાજ ?' જેવાં કે આરતી ઉતારવી, લાઈ સુતક ઉતારવું, સિવાય બીજી મુશ્કેલીઓ કે તકલીફ હોય તેની રજૂઆત કરવી, આરતી ઉતારવાની ઈચ્છા હોય તો સજોડે કળશને આગળ આવી પ્રથમ કળશ ચંદન

ચોખાથી પુજન કરી. આરતી ઉતારવી. વેદને ચંદન ચોખાથી પૂજન કરી આરતી ઉતારવી. ત્યાર બાદનાં સજોડાંએ સીધી આરતી જ ઉતારવી.

નોંધ : (૧) મુખશ્રીએ કળશને ઢાંકવો નહી. (૨) મુખીશ્રી તથા પંડીત કે સેવકને ચંદન ચોખાથી પૂજન કરવું નહીં. કારણ કે યજ્ઞમાં કળશ અને વેદજ પ્રધાન છે. (૩) મુખીશ્રી, તથા પંડીત, સેવક કે બીજા કોઈને હાથથી મિલન કરવું નહી. નતૃમસ્તકે પ્રણામ કરવા.

મંત્ર ૫૪ : મોટી છાંટ નાખી પગે લાગવાનો મંત્ર

મંત્ર ૫૫ : સ્ત્રીને છાંટ- નાખી લાઈ સુતક ઉતારવાનો મંત્ર

મંત્ર ૫૬ : પુરુષને છાંટ નાખી લાઈ સુતક ઉતારવાનો મંત્ર

મંત્ર ૫૭ : ઋષિવરને મોઢે (ચહેરા ઉપર)

છાંટ નાખવાનો મંત્ર.

મંત્ર ૫૮ : મુખીશ્રીને ચરણામૃત પીવાનો મંત્ર

મંત્ર ૫૯ : કળશ વિસ્થાપનનો મંત્ર :

મંત્ર કહે છે કે 'મન હેતે બાંધ્યા જળ કુંભે રહે, જળે બાંધ્યા કુંભ, કુંભે બાંધ્યા જળ રહે, જળવિના કુંભ ન હોય, જ્ઞાને બાંધ્યા મન જોએ, ગુરુવિના જ્ઞાન ન હોય, આધ કુભ કળશની ઘડી ઉત્પત જળ વડે ભરી.'

મંત્ર કહે છે કે કળશમાં જળ સિવાય કાંઈ પ્રવાહી ભરવું નહિ. દૂધ કે લવીંગ વાળુ પાણી પણ ભરવું નહિ. સ્વચ્છ પાણી જ ભરવું.

"ગનન મંડળમાં અમીરસ હોય ત્યાં નિરંજન કા વાસા,
સુગરા હોય સો ભરભર પીએ નુંગરા જાયે પ્યાસા"

મંત્ર ૬૦મો : પાટ વિર્સજનનો મંત્ર

મંત્ર ૬૧મો : પ્રસાદ જમવાનો મંત્ર

મંત્ર ૬૨મો : પ્રસાદ જમ્યા પછીનો મંત્ર

મંત્ર ૬૩મો : પુજા સમાપ્તિ બાદ સકળસંઘના વિર્સજનનો મંત્ર

સ્વામી ! તમે વાટે ઘાટે મુશ્કેલ આસાન કરો. વિઘ્નદૂર કરો. શયતાન તોફાન દૂર કરો, વાડી તમારી હરીભરી રાખો, ખટ્ટી કમાઈમાં લાભ આપો, જગત વ્યવહારમાં લજ્જા આબરૂ રાખો.

મુખીશ્રી તથા ગતગંગા મળી દેવો આગળ રક્ષણની પ્રાર્થના કરે છે. બાદમાં ત્રણ જયો બોલાવવી. (૧) ૐ શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન કી જય (૨) સતપંથ સનાતન ધર્મકી જય (૩) સદ્‌ગુરુશ્રી ઈમામશાહની જય

મંત્ર ૬૪ : સુર્યનારાયણને નમસ્કારનો મંત્ર

મંત્ર ૬૫ : સુદ બીજના ચંદ્રદર્શનનો મંત્ર

મંત્ર ૬૬ : દશતરી હરીઅંશ ગાયત્રી મોટી

મંત્ર ૬૭ : ઋગવેદી ગાયત્રી કર્તાયુગની

મંત્ર ૬૮ : યર્જુવેદી ગાયત્રી તેત્રાયુગની

મંત્ર ૬૯ : સામવેદી ગાયત્રી દ્વાપરયુગની

મંત્ર ૭૦ : અથર્વવેદી ગાયત્રી કળીયુગની

મંત્ર ૭૧ : મોક્ષ મુગટની ગાયત્રી

ચાર ઘડી એટલે ચાર યુગ (કર્તા, ત્રેતા, દ્વાપર, કલીયુગ) અને દસપોર એટલે, દસ અવતારે નિષ્કલંકી રૂપે મચ્છા અવતારે પાતાળમાં ભગવાન વિષ્ણુને ધરતી માતાએ વચન આપ્યું કે હું આ જગ્યાએ કુંવારી હોઈશ તેનું સરનામું આપેલું છે.

મંત્ર ૭૨ : નવગ્રહ શાંતિ (નવગ્રહ સ્તોત્રમ)

પાઠ કરવાથી ગૃહ શાંતિ સાંપડે છે.

મંત્ર ૭૩ : શ્રી નિષ્કલંકી નારાયણ સ્ત્રોત કવચ.

આ પાઠ કરવાથી ભગવાનશ્રી નિષ્કલંકી નારાયણનું કવચ ચડી રક્ષણ કરે છે.

મંત્ર ૭૪ : શ્રી મહા વિષ્ણુ સ્ત્રોત્રમ્

આ પાઠ કરવાથી ભગવાન વિષ્ણુનુ કવચ ચડી રક્ષણ કરે છે.

ભજન

* ઓ ઇશ્વર ભજીએ તને *

ચોખ્ખો મારો ઓટલો, ચોખ્ખો ઘરનો ચોક ।
ચોખ્ખાં કપડાં જોઈને, ચોખ્ખું કહે સૌ લોક ॥
ચોખ્ખું મારું મુખડું, ચોખ્ખા મારા હાથ ।
ચોખ્ખા મારા દિલમાં, રહે જગતનો નાથ ॥
પરોઢિયે નિત ઉઠીને, લેવું ઇશ્વર નામ ।
દાતણ કરી નાહ્યા પછી, કરવા પાઠ તમામ ॥
કહ્યું કરો મા બાપનું, દો મોટાને માન ।
ગુરુને બાપ સમા ગણો, મળશે સારું જ્ઞાન ॥
જૂઠું કદી ન બોલવું, ત્યજવું આળસ અંગ ।
હળીમળને ચાલવું, રાખવો સારો સંગ ॥
ઓ હે ! ઇશ્વર ભજીયે તને, મોટું છે તુજ નામ ।
ગુણ તારા નિત્ય ગાઇએ, થાય અમારાં કામ ॥
હેત લાવી હસાવ તું, સદા રાખ દિલ સાફ ।
ભૂલ કદી કરીએ અમે, તો પ્રભુ કરજો માફ ॥

ૐ શાંતિઃ ! શાંતિઃ ! શાંતિઃ !
આટલું તો અવશ્ય કરો.

* શુ - સંજ્ઞાઓ. *

૧. ઓમકાર —પરમ વંદનીય હૈ

૨. શ્રી ઈમામશાહ મહારાજની વાણી —અમર રહો

૩. ફુલોં સે ભી પ્યારા હૈ —સતપંથ હમારા હૈ

૪. શ્રી સતપંથ ધર્મ —અખંડ રહો

૫. અખંડજ્યોત —જલતી રહે

૬. સફેદ ધજા —સદા લહેરાતી રહો

૭. આત્મા આત્મા મેં નારા હૈ
—નિષ્કલંકી નારાયણ હમારા હૈ

૮. સતપંથીજનો —સદા વ્યસનમુક્ત રહો

૯. સૂર્યનારાયણને —નિત્ય નમસ્કાર કરીએ

૧૦. એકતાની ઝંખના —અતૂટ રાખીએ

૧૧. સતપંથીજનો —નીડર રહો

૧૨. સવાર-સાંજ સતપંથીજનો
—મંદિરમાં આવતા રહો

૧૩. સતપંથી સતપંથી —ભાઈ ભાઈ

શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન કી જય.
શ્રી સતપંથ સનાતન ધર્મ કી જય.
શ્રી સદ્ગુરુ ઈમામશાહ મહારાજ કી જય.